ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ
૨૬૮ના પ્રતિબંધાત્મક હુકમો લાગુ પાડવા
અંગેની માર્ગદર્શિકા બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંક:જલક/૩૯૨૦૧૪/૧૧૯૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૮/૦૪/૨૦૧૪

**પ્રસ્તાવના:**

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ ૨૬૮(૧) હેઠળ રાજ્ય સરકારને જેલમાં રહેલ કેદી/આરોપીને જેલની બહાર નહીં ખસેડવા માટેનો પ્રતિબંધાત્મક હુકમ લાગુ પાડવાની સત્તા પ્રાપ્ત થયેલ છે. આ મળેલ સત્તા અન્વયે કલમ ૨૬૮(૧)ના પ્રતિબંધાત્મક હુકમો લાગુ પાડવા માટે જરૂરી માર્ગદર્શિકા બહાર પાડવાની જરૂરિયાત જણાયેલ. આથી, આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર:**

પ્રસ્તુત બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ ૨૬૮(૧) હેઠળ રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે રાજ્યની જેલમાં રહેલ કેદી/આરોપીને જેલની બહાર નહીં ખસેડવા માટેના પ્રતિબંધાત્મક હુકમ લાગુ પાડવા માટે પોલીસ સત્તાધિકારી દ્વારા મોકલવામાં આવતી દરખાસ્ત અન્વયે નીચે મુજબની કાર્યપ્રણાલિકા અનુસરવા માટે આથી જણાવવામાં આવે છે.

(૧) સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળના પ્રતિબંધાત્મક હુકમો લાગુ કરવા માટે સંબંધિત પોલીસ કમિશ્નર/જિલ્લા પોલીસ અધિક્ષક તથા ડી.જી.પી.શ્રીનો અભિપ્રાય સ્પષ્ટ હોવો જોઇએ. જેમાં કેદીની વર્તણૂક બાબતમાં તેની સામેના કેસોની ગંભીરતા તથા જરૂર જણાયે નાગરિકોના નિવેદન પણ હોવા જોઇએ. જો કેદી જેલમાં હોય તો કેદીની જેલ વર્તણૂક બાબતમાં જેલ સત્તાવાળાઓનો અભિપ્રાય મેળવીને ડી.જી.પી.શ્રીએ દરખાસ્ત સરકારશ્રીમાં મોકલી આપવાની રહેશે.

(૨) બંધારણની કલમ ૧૯ અને ૨૧ અન્વયે કેદીના મૂળભૂત અધિકારનું રક્ષણ થાય તથા સી.આર.પી.સી.ની કલમ ૩૦૯નું હાર્દ જળવાઇ રહે તે માટે કરવામાં આવેલી વ્યવસ્થા ડી.જી.પી.શ્રીની દરખાસ્તમાં હોવી જોઇએ અને તે બાબત સરકારશ્રી દ્વારા હુકમમાં સ્પષ્ટ કરવાની રહેશે. આ ઉપરાંત સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના હુકમો લાગુ પાડયા પછી તેના તમામ કેસો ઝડપથી ચાલે તેવી વ્યવસ્થા ઊભી કરવાની રહેશે.

(૩) ઉપરોક્ત બાબતે કેદી સામેના કેસો ઝડપી ચલાવવા માટે અથવા અન્ય કોઇપણ સંજોગોમાં સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના પ્રતિબંધાત્મક હુકમો રીવોક કરવાના થાય તે સંજોગોમાં કેદીને જેલમાંથી બહાર કાઢવા માટે પોલીસ જાપ્તાની વ્યવસ્થા ડી.જી.પી.શ્રીએ સ્પષ્ટ કરવાની રહેશે. જ્યારે સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના પ્રતિબંધાત્મક હુકમો લાગુ પાડેલ

હોય ત્યારે પોલીસ જાપ્તામાં વર્ગ-૧ કક્ષાના હથિયારી નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગના અધિકારી સાથે અન્ય આનુષાંગિક જરૂરી વ્યવસ્થા જેમાં આધુનિક હથિયાર સાથેના કમાન્ડો માંટેની જરૂરિયાત તથા જરૂર જણાયેથી બુલેટપ્રૂફ વાહનની વ્યવસ્થાની બાબત પણ ડી.જી.પી. કચેરીએ તેમની દરખાસ્તમાં સ્પષ્ટ જણાવવાની રહેશે.

(૪) સરકારશ્રી કક્ષાએથી સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના હુકમો લાગુ પાડવાનો નિર્ણય કરવામાં આવે ત્યારે તેનો હુકમ વિગતવાર (Speaking Order) કરવાનો રહે. જેમાં લાગુ પાડવામાં આવેલ શરતોથી ઝડપી કોર્ટ કેસો ચાલવા બાબતે વિપરિત અસર ન પડે તે ખાસ જોવાનું રહેશે.

(૫) વધુમાં સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળના પ્રતિબંધાત્મક હુકમો અનિશ્ચિત સમય માટે કરવાના રહેશે નહીં. આ પ્રતિબંધાત્મક હુકમો ચોક્કસ સમય માટે હોવા જરૂરી હોઇ તથા સમય પૂર્ણ થાય તે પહેલાં તેના રીવ્યુ અંગેની કામગીરી કરવાની રહેશે. આ સંજોગોમાં સરકારશ્રી દ્વારા અત્યાર સુધીમાં લાગુ પાડેલ સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના પ્રતિબંધાત્મક હુકમોની સંખ્યા તથા વિગતો તથા તેને ઉપર મુજબની માર્ગદર્શિકા પ્રમાણે રીવ્યુ કરવા માટેની દરખાસ્ત ડી.જી.પી.શ્રી મારફત મેળવી નીચે મુજબનું રજિસ્ટર સરકારશ્રીમાં રાખવાનું રહેશે તથા ડી.જી.પી.શ્રીની કચેરીએ પણ નીચે દર્શાવેલ નમૂના મુજબનું જરૂરી રજિસ્ટર રાખી દર ત્રણ વર્ષે દરેક કેસનો રીવ્યુ કરી દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવાની રહેશે.

| ક્રમ | આરોપી/કેદીનું નામ | જેલનું નામ | Cr.P.C. ૨૬૮ લાગુ પાડ્યા હુકમ નં./તારીખ | Cr.P.C. ૨૬૮ હેઠળનો હુકમ રીવ્યુ કરવાની તારીખ | Cr.P.C. ૨૬૮ હેઠળનો હુકમ રીવ્યુ કર્યાની વિગતો |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | | |

આ ઉપરાંત સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના પ્રતિબંધાત્મક હુકમો લાગુ કરવાની દરખાસ્ત કરતા પહેલાં તે બાબતમાં સંબંધિત પોલીસ અધિક્ષક/પોલીસ કમિશનર/ક્રાઇમ બ્રાન્ચના વડા તથા ડી.જી.પી.શ્રીની અધ્યક્ષતામાં એક કમીટી ડી.જી.પી.શ્રીએ રચવાની રહેશે. આ કમીટીના ઉપરોક્ત સભ્યોએ જે તે કેદી/આરોપી વિરુદ્ધ સી.આર.પી.સી. કલમ ૨૬૮(૧) હેઠળના પ્રતિબંધાત્મક હુકમો લાગુ પાડવાની બાબતે જરૂરી વિચારણા કરી ચોક્કસ ભલામણ કરવાની રહેશે અને આ ભલામણના સંદર્ભમાં ડી.જી.પી.શ્રી તરફથી **સરકારશ્રીમાં નીચે મુજબના ચેકલિસ્ટ સાથે દરખાસ્ત મોકલવાની રહેશે.**

### કેદી/આરોપી વિરુદ્ધ સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળના પ્રતિબંધાત્મક હુકમો લાગુ પાડવાના કિસ્સામાં નિર્ણય માટે મોકલવાની થતી દરખાસ્તની વિગતો દર્શાવતું ચેકલિસ્ટ

| ક્રમ | મુદ્દાઓ | વિગત |
|---|---|---|
| ૦૧ | કેદીના ગુનાહિત ઈતિહાસની ટૂંકમાં વિગત | |
| ૦૨ | કેદી વિરુદ્ધ નોંધાયેલ ગુનાની વિગત અદ્યતન પરિસ્થિતિ સાથે | |
| 03 | કેદી વિરુદ્ધની ટ્રાયલો હાલ કઇ કઇ કોર્ટમાં ચાલુ છે તેની અદ્યતન વિગતો કોર્ટ કેસ નં./તારીખ અને કેસ કમીટ થયેલ હોય | |

| | | |
|---|---|---|
| | તો તેની વિગત. | |
| ૦૪ | કેદી વિરુદ્ધ અન્ય તપાસો એકથી વધુ કિસ્સામાં ચાલુ હોય તો તેવા તમામ કેસોની પોલીસ સ્ટેશન વાઈઝ વિગતો (ગુ.ર.નં./ કલમ સાથે) | |
| ૦૫ | જે કેસોમાં કેદીને સજા થયેલ હોય તો તેની વિગતો (સજા કરનાર કોર્ટના નામ સાથે) | |
| ૦૬ | કેદી વિરુદ્ધ લેવાયેલ અટકાયતી પગલાની વિગતો. ઉદા.ત. પાસા, હદપારી વગેરે | |
| ૦૭ | કેદીને મળતા બંધારણીય હક્કોની જાળવણી બાબતે તથા પ્રાપ્ય અધિકારોને વંચિત ન કરવા માટે ઉપસ્થિત સગવડો અને કરેલ કાર્યવાહીની વિગત. | |
| ૦૮ | કેદી બાબતમાં સંબંધિત જિલ્લા પોલીસ અધિક્ષક/પોલીસ કમિશનર તથા કેદી જો જેલમાં હોય તો જેલ સત્તાધિકારીનો કેદીની વર્તણૂક બાબતનો અભિપ્રાય, જેમાં સીઆરપીસી કલમ ૨૬૮(૨) મુજબ નીચેની બાબતો અંગે સ્પષ્ટ અભિપ્રાય આપવો.<br>(એ) જે ગુના માટે કે જે કારણે કોઇ વ્યક્તિ કે વર્ગની વ્યક્તિઓને જેલમાં, કેદમાં કે અટકાયતમાં રાખવામાં આવેલ હોય તે ગુના કે કારણોનો પ્રકાર.<br>(બી) કોઇ વ્યક્તિ કે વર્ગની વ્યક્તિઓને જેલમાંથી ખસેડવાની છૂટ આપવામાં આવે તો જાહેર શાંતિનો ભંગ થવાનો સંભવ,<br>(સી) સામાન્ય જાહેર હિત. | |
| ૦૯ | કેદી વિરુદ્ધની ટ્રાયલો માટે નામ.કોર્ટમાં ઉપસ્થિત રખાવવાના પ્રસંગોએ વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમથી હાજર રાખવા બાબતની વિગતો. | |
| ૧૦ | જો કેદીને સી.આર.પી.સી.ની કલમ ૨૬૮(૧)ના પ્રતિબંધાત્મક હુકમો રીવોક કરી કોર્ટ સમક્ષ હાજર રાખવાનો હોય કે અન્ય સંજોગોમાં બહાર કાઢવાનો હોય તો તે સંજોગોમાં હથિયારી નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગના વર્ગ-૧ કક્ષાના અધિકારીના નિરીક્ષણ હેઠળ તેની હેરાફેરી સુવિદિત કરવાની બાંહેધરી અને તે સિવાય ફેરફાર ન કરવાની તૈયારી સુનિશ્ચિત કરવાની વિગતો. | |
| ૧૧ | કેદી વિરુદ્ધ સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળનો પ્રતિબંધાત્મક હુકમ લાગુ પાડવા સંદર્ભમાં નિમેલ કમીટીનો કારણો સહિતનો સ્પષ્ટ અભિપ્રાય. | |

સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળનો પ્રતિબંધાત્મક હુકમ લાગુ પાડવા સંદર્ભમાં ઉપર મુજબની વ્યવસ્થા કાયમ થાય તે માટે પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા જરૂરી દરખાસ્ત પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત જ કરવાની રહેશે. આ સંજોગોમાં ફક્ત પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નોડલ અધિકારીશ્રી દ્વારા જ નામદાર કોર્ટમાં એફીડેવીટ કરવાની રહેશે, તે સિવાય કોઇ બાંહેધરી કે લખાણો કરવાના રહેશે નહીં. આ બાબતમાં તમામ જેલોના જેલર/જેલ અધિક્ષકશ્રીઓએ જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી તથા ડી.જી.પી. અને સરકારશ્રીના સંકલનમાં જ કામગીરી કરવાની રહેશે.

સી.આર.પી.સી. કલમ ૨૬૮ હેઠળના પ્રતિબંધાત્મક હુકમો લાગુ કરેલ હોય તેવા કેદીઓનું રજીસ્ટર અધિક પોલીસ મહનિદેશક (કાયદો અને વ્યવસ્થા) એ પણ નિભાવવાનું રહેશે. ડી.આઇ.જી./આઇ.જી.પી. (કાયદો અને વ્યવસ્થા)ને નામદાર કોર્ટ અને કોર્ટ પ્રકીયા માટે નોડલ અધિકારી નીમવાની કાર્યવાહી ડી.જી.પી.શ્રીએ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિલીપ જી. સોની)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સંયુક્ત સચિવશ્રી, કાયદો અને વ્યવસ્થા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ઉપ સચિવશ્રી, કાયદો અને વ્યવસ્થા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, કાયદો અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પોલીસ મહાનિરીક્ષકશ્રી(ઓપરેશન), આતંકવાદ વિરોધી દળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
તમામ રેન્જ અધિકારીશ્રી.
તમામ પોલીસ કમિશનરશ્રી.
તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
તમામ અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, જિલ્લા જેલ, સબ જેલ અને ખાસ જેલ (જે.ઇ.જ.શ્રી મારફતે)
સેક્શન અધિકારીશ્રી, વિશેષ-૫, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેક્શન અધિકારીશ્રી, IT Cell, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર.. વેબસાઇટ ઉપર મુકવાની કાર્યવાહી સારુ.
સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
શાખા સિલેક્ટ ફાઇલ